


## મોદીના પૂતળાનું દહન

ગુજરાતની મોદી સરકાર એક પછી એક વિવાદોમાં સપડાઈ રહી છે. ત્યારે મુખ્યમંત્રીને સત્તા ઉપર રહેવાનો અધિકાર નથી તેવી માગણી સાથે કોંગ્રેસે આજે શુક્રવારે બંધનું એલાન આપ્યું છે. ગુરૂવારે સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના ટાવર ચોક ખાતે કોંગ્રેસના કાર્યકરોએ દેખાવો યોજી નરેન્દ્ર મોદીના પૂતળાનું દહન કર્યું હતું. પોલીસે દેખાવ કરનાર હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, મીડીયા કન્વીનર ફારૂક ખણુસીયા, નગરપાલિકા વિરોધ પક્ષના નેતા ઈશાક શેખ સહિત કોંગી કાર્યકરોની અટકાયત કરી હતી. (મગનજી વણઝારા, હિંમતનગર)

# બંધનું એલાન કોંગ્રેસની નકારાત્મક વિચાર છે : મુકતાર અબ્બાસ

પ્રદેશ કોંગ્રેસ દ્વારા આવતી કાલ ૬ઠ્ઠી સપ્ટેમ્બરે આપવામાં આવેલા ગુજરાત બંધના એલાનને કોંગ્રેસની નકારાત્મક વિચારધારા હોવાનું ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા મુકતાર અબ્બાસ નકવીએ જણાવ્યું હતું.

ગુજરાતના એક દિવસના પ્રવાસે આવેલા ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા મુકતાર અબ્બાસ નકવીએ આજે અમદાવાદ ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરતાં જણાવ્યુ હતું કે કોંગ્રેસ પાસે કોઈ મુદ્દા નથી એટલે કોઈ પણ મુદ્દો ઉભો કરીને ગુજરાત બંધનું જે એલાન આપ્યું છે તેના પરથી એ સ્પષ્ટ થાય છે કે કોંગ્રેસની આ નકારાત્મક સોચ છે.

કેન્દ્રની યુ.પી.એ. સરકારના શાસન દરમિયાન થયેલા ભ્રષ્ટાચારો અને કૌભાંડને પ્રશ્ને તેમણે જણાવ્યું હતુ કે આજે દેશ ભ્રષ્ટાચારમાં લુપ્ત છે. કોંગ્રેસના આ ભ્રષ્ટાચાર સામે સમગ્ર દેશમાં ભાજપ આંદોલન કરશે અને કોંગ્રેસના એકે એક ભ્રષ્ટાચારોને પ્રજા સમક્ષ ઉજાગર કરવામાં આવશે.

કોગ્રેસ પર પ્રહાર કરતાં તેમણે જણાવ્યું હતુ કે કોંગ્રેસમાં મંદી છવાઈ ગઈ છે એટલું જ નહીં કેન્દ્ર સરકારની અણઘડ નીતીઓને કારણે દેશ મોંઘવારીથી મરી રહ્યો છે. સસ્પેન્ડેડ આઈ.પી.એસ. અધિકારી ડી.જી. વણઝારાના રાજીનામા પત્ર અંગે તેમણે જણાવ્યું હતું કે રાજય સરકારે તેનો ઈન્કાર કર્યો છે હવે કોઈ પ્રશ્ન નથી. ભાજપના કાર્યકરોનું માનવું છે કે નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી તરીકે ચાલુ રહે આ ઉપરાતં ભાજપના આગેવાનો અને કાર્યકરો છે કે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવા જોઈએ માટે માત્ર ઔપચારિકતા જ બાકી હોવાનો નિર્દેશ પણ આપ્યો હતો.



મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે શિક્ષક દિવસ-૨૦૧૩ પ્રસંગે ગુરુજનોના ઋણસ્વીકાર રૂપે શિક્ષક કલ્યાણ નિધિમાં પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. ગાંધીનગરની શાળાના વિદ્યાર્થીનીઓ-વિદ્યાર્થીઓ મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને આવ્યા ત્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી શરદસિંઘલ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગોસ્વામી પણ ઉપસ્થિત રહયા હતા.

# કડી સર્વ વિદ્યાલય અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત શાળા-કોલજનો શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિદ્યાલય અને કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર ખાતે સંચાલિત ૧૬ શાળા-કોલેજોને એક સાથે સાંકળી શિક્ષક દિનની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. સર્વપલ્લી રાધાક્રિશ્નનના માનમાં ઉજવાતા શિક્ષક દિવસની ઉજવણી ભવ્યરીતે ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે શાળા-કોલેજોના વિદ્યાર્થીઓએ એક શિક્ષક તરીકેની ભૂમિકા ભજવી હતી. સોંપવામાં આવેલ કામગીરીને સફળ રીતે પાર પાડનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

શિક્ષકદિનની ઉજવણીને વધુ અસરકારક બનાવવા માટે એક સાથે ૭૦૦ વિદ્યાર્થીઓને આ ઉજવણીમાં જોડવામાં આવ્યા હતા. જે પૈકી ૭ શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને આચાર્યની કામગીરી માટે પસંદ કરવામાં આવ્યા હતા. ઉપરાંત શ્રેષ્ઠ કામગીરી કરનાર વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આયોજિત સમારોહમાં સૌ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં પ્રમાણપત્રો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વલ્લભાઈ પટેલે શીખવે તે શિક્ષક અને કેળવે તે કેળવણી વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. સાથે સંસ્થાના પાયારૂપ છગનભા, દાસકાકા, સદ્‌ગત માણેકલાલ સાહેબના યાદગાર પ્રસંગોને ઉદાહરણ રૂપે પ્રગટ કર્યા હતા. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન એ.એ.પટેલ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. જે.જે. ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. સંચાલન કોલેજની વિદ્યાર્થીનીઓ હીરલ, રુકસાર અને ગાયત્રીએ કર્યું હતું. કાર્યક્રમના સંયોજક અને સહસંયોજક તરીકે પ્રા. સમીરભાઈ પંડ્યા અને જયેન્દ્રસિંહ જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સાબર ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી દ્વારા ગુરૂવંદના અને ગુરૂ સન્માન કાર્યક્રમ

સાબર ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી ફોર ગર્લ્સ દ્વારા ગુરૂવંદના અને ગુરૂ સન્માન કાર્યક્રમનું આયોજન આગામી તા. ૬ સપ્ટેમ્બરના રોજ ટાઉનહોલ, સે. ૧૭ ખાતે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાકે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સૌને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઈન્ટર યુનિવર્સિટી ઝોનલ સ્વીમીંગ સ્પર્ધામાં ગાંધીનગરના સ્પર્ધકો ઝળકયા

ગાંધીનગર, તા.૫

અમદાવાદ સરદાર પટેલ સ્ટેડીયમ ખાતે ઈન્ટર યુનિવર્સિટી ઝોનલ સ્વીમીંગ ટુર્નામેન્ટ તા. ૩ સપ્ટેમ્બરના રોજ યોજાઈ હતી. આ સ્પર્ધામાં અમદાવાદની વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગરની કુ. સૌમ્ય મનોજકુમાર જોષી (સેંટ ઝેવિયર્સ કોલજ અમદાવાદ) અને નીહાલ દિક્ષીતભાઈ સકસેના (એચ.એલ. કોમર્સ કોલેજ)એ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ચેમ્પિયનશીપ જીતીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યુ છે.

અમદાવાદ સરદાર પટેલ સ્ટેડીયમ ખાતે યોજાયેલ ઈન્ટર યુનિવર્સિટી ઝોનલ સ્વીમીંગ સ્પર્ધામાં મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તેમાંથી કુ. સૌમ્ય જોષીએ ૫૦ મી., ૧૦૦ મી., ૨૦૦ મી., ૪૦૦ મી., ફ્રી સ્ટાઈલ, ૫૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોક તથા ૫૦મી બટર ફલાય સહિતની સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી ચેમ્પીયનશીપ મેળવી હતી તેમજ નિહાલ સકસેનાએ ૫૦ મી., ૧૦૦મી., ૨૦૦મી., બેક સ્ટ્રોક, ૧૦૦ મી. ફ્રી સ્ટાઈલ, ૫૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોક અને ૫૦ મી. બટર ફલાય સહિતની સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ચેમ્પીયનશીપ મેળવી હતી. શહેરના બંને સ્પર્ધકો આગામી તા. ૧૦ ઓકટોબરના રોજ કર્ણાટક બેલગામ ખાતે યોજાનારી ઈન્ટર યુનિવર્સિટી નેશનલ ટુર્નામેન્ટમાં બંને સ્પર્ધકો ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. શહેરના બંને સ્વીમર્સ ઈન્ફોસીટી કલબ રીસોર્ટ ખાતે કોચ ચિરાગભાઈ છેબા પાસેથી તાલીમ મેળવી રહ્યા છે. આ બંને વિજેતા સ્પર્ધકોને ગુરુજનો, મિત્રો, સગા સ્નેહીજનોએ રાષ્ટ્રીય કક્ષાએ સારો દેખાવ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# વાવોલ હરિનગર સોસાયટીની નવરાત્રી સમિતિની રચના

ગાંધીનગર, તા. ૫

વાવોલ હરિનગર સોસાયટીમાં તાજેતરમાં મળેલ મીટીંગમાં નવરાત્રી મહોત્સવની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વાનુમતે નવરાત્રી સમિતિની રચના કરવામાં આવી હતી. પ્રમુખ કચરાજી કે. ગોલ, ઉપપ્રમુખ દિનેશભાઈ પટેલ, ઉપ્રમુખ ધર્મેશભાઈ મહેતા, દિનેશભાઈ ગાંધી, ખજાનચી દશરથભાઈ ત્રિવેદી, સહખજાનચી વલ્લભભાઈ પટેલ, જયેશભાઈ નિમાવત, સંગઠનમંત્રી ગોવિંદભાઈ રાય, મહેન્દ્રભાઈ ચૌહાણ, અજયભાઈ માયાવંશી, પ્રદિપસિંહ રાઠોડ, અજીભાી મોદી, હિંમાશુંભાઈ મિસ્ત્રી, સંજયભાઈ ઠાકોર, પાર્થભાી શર્મા, સંજયભાઈ ઠાકોર, સલાહકાર રમેશભાઈ જયસ્વાલ, સોમભાઈ પવાર, પ્રવિણસિંહ વાઘેલા, પ્રવિણભાઈ બાલપાંડે.



આગામી સપ્તાહે વિશ્વ વિખ્યાત માં જગદંબાના ધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મહામેળો યોજાશે. મેળાની પૂર્વ તૈયારીના ભાગ રૂપે જિલ્લા કલેકટર જે.જી. હિંગરાજીયા અને જિલ્લા પોલીસ વડાએ યોગ્ય વ્યવસ્થા ગોઠવી છે. જેમાં શહેરના મુખ્ય વિસ્તારોમાં સી.સી. ટી.વી. કેમેરા લગાવવામાં આવશે તેમજ સંઘ માટે બે જગ્યાએથી પ્રવેશ વિના મુલ્યે ભોજન, પાણીની અને સફાઈ સહિત એસ.ટી. બસની તેમજ જરુરી સુરક્ષા ગોઠવવામાં આવી છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## સે. ૬માં ઉકાળાનું વિતરણ યોજાશે

ગાંધીનગર આયુર્વેદ મેડીકલ પ્રેકટીશનર એસોસિએશનના સહયોગથી ચિકનગુનિયા જેવા રોગ સામે રક્ષણ આપતો ઉકાળો વિના મૂલ્યે પીવડાવવામાં આવશે. તા. ૬ થી ૧૦ સપ્ટેમ્બર સુધી સવારે સાડા આઠ થી દશ વાગ્યા સુધી. વેલકેર ભુવનેશ્વર મહાદેવ મંદિર સામે સેકટર-૬સી ગાંધીનગરમાં મળશે.

## આજે સંગીતજ્ઞ વિજયભાઈ ભરાડના ભજનો યોજાશે

રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિના સ્વ. અમૃતલાલ એલ. જોશીના સ્મરણાર્થે તથા ભાવાજલિ રૂપે તા. ૬ સપ્ટેમ્બરે રાત્રે ૯ કલાકે, સેકટર-૭ લગ્નવાડીમાં સંગતજ્ઞ વિજયભાઈ ભરાડાના ભજનનો કુટુંબીજનો દ્વારા કાર્યક્રમ રાખેલ છે. સેવા મંડળના લીના ચંદુલાલ મહેતાએ જણાવેલ છે.

## હેન્ડબોલ અન્ડર-૧૭ ટીમમાં પસંદગી

શહેરના સેકટર-૫એ સ્થિત પ્રેરણા વિદ્યાલયમાં ધોરણ-૯માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ચિંતન મનોજભાઈ પટેલની હેન્ડબોલની અન્ડર-૧૭ ટીમમાં પસંદગી થયેલ છે. આગામી સમયમાં રમાનાર રાજયકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં તેઓ શાળાનું પ્રતિનિધિત્વ કરશે. શાળાના વિદ્યાર્થીની અન્ડર-૧૭માં હેન્ડબોલની ટીમમાં પસંદગી થતા શાળા પરિવારે અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

## બનાસકાંઠાના વડગામ પાસે બાળકી પર દુષ્કર્મ

બનાસકાંઠા, તા.૫

બનાસકાંઠાના વડગામના પાંચડા ગામે ૮ વર્ષીય બાળકી પર દુષ્કર્મ થયા હોવાનો બનાવ પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે. પોલીસ સુત્રના જણાવ્યા અનુસાર, ગતરાત્રીના ૮ વાગ્યાની આસપાસ ગોવિંદભાઈ દેવીપૂજકે એક ૮ વર્ષીય બાળકીને મકાઈ આપવાની લાલચ આપીને તેને નજીકની નર્સરીમાં લઈ ગયા હતા. જ્યાં ૮ વર્ષીય બાળકી પર દુષ્કર્મ ગુજાર્યા બાદ આરોપી ગોવિંદ ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ બાળકીએ પોતાના પરિવારજનોને કરતા પરિવારજનોએ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી તેમજ આરોપી ગોવિંદે બાળકી પર દુષ્કર્મ ગુજાર્યા બાદ કોઈને આ બનાવ અંગે જાણ ન કરવા કહ્યું હતું. અને જો તે કોઈને કહેશે તો તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. હાલમાં આરોપી ફરાર છે તેનેન ઝડપી પાડવા માટે પોલીસ તજવીજ શરૂ કરી દીધી છે.

## બસોની ફાળવણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુસાફરો માટે બાકી રહેતી તમામ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવશે.

### એસ.ટી. નિગમની સેવા આજે ચાલુ રહેશે

ગુજરાત બંધના એલાનમાં આજે એસ.ટી. નિગમનું સંચાલન કાર્યરત રહેશે. નિગમના કર્મચારી મહામંડળ તેમજ મઝદૂર મહાસંઘના હોદ્દેદારો તેમજ વહીવટી તંત્ર સાથે યોજાયેલી બેઠકમાં આમ જનતાને અગવડ ન પડે તે માટે નિગમની સેવા ચાલુ રાખવા નિર્ણય કર્યો હોવાનું સચિવ પી.ડી. પટેલે જણાવ્યું છે.

## પંચમહાભૂતમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણી પુરવઠા મંત્રી તરીકે પણ તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યુ હતુ. ગૃહમાં તેઆ તેમના વિભાગની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં પત્થરો ખોદવા માટેના ડાયનેમાઈટનો ઉપીયોગ કરવામાં આવે છે તે માટે પત્થરનો નમૂનો ગૃહમાં લઈને ગયા હતા. આરોગ્યમંત્રી તરીકે પણ તેમણે દવાખાનાઓમાં ઓચિંતી રેડો પાડી અને તંત્રની સેવાઓના સઘનીકરણનો આગ્રહ રાખ્યો હતો.

૧૩ મે ૧૯૪૯ના રોજ જન્મેલા શ્રી ભટ્ટે 'મીસા' કેદી તરીકે કટોકટીમાં જેલવાસ ભોગવ્યો હતો. વડોદરા અને મધ્યગુજરાતમાં ભાજપની આગવી ઓળખ તેમણે પ્રસ્થાપિત કરી હતી. વડોદરા મહાનગરપાલિકાના ડે. મેયર તરીકે પણ તેમણે નોંધપાત્ર પ્રદાન આપ્યું હતું.

## શબ્દાવલી - ૫૧૬૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | |
| | ■ | ૬ | | ૭ | | | ■ |
| ૮ | ૯ | | ■ | | ■ | ■ | ૧૦ |
| ૧૧ | | ■ | ૧૨ | ■ | ૧૩ | | |
| ■ | ૧૪ | ૧૫ | | | | ■ | |
| ૧૬ | ■ | | ■ | ■ | ૧૭ | | |
| ૧૮ | ૧૯ | | | ■ | | ■ | ■ |
| ૨૦ | | | ■ | ૨૧ | | | |

### આડી ચાવી

૧. ચટપટી, તલસવું તે (૪)
૪. જલેબી, તળાવાનું સાધન (૩)
૬. ખુબ વેગથી આપતું (૫)
૮. કઠણ, પોચું ઢીલું નહિં તેવું (૩)
૧૧. અંગ્રેજીમાં પરસેન્ટેજ ગુજરાતીમાં... (૨)
૧૩. રાક્ષસ (૩)
૧૪. પાણીથી તરબતર નીકરતું (૫)
૧૭. ખુબ મોટું વિશાળ (૩)
૧૮. નાના બાળકો... થી રમે (૪)
૨૦. સુંદર, અદ્‌ભૂત (૩)
૨૧. રણપ્રદેશ (૪)

### ઊભી ચાવી

૧. પ્રપંચ (૪)
૨. સાધના કરનાર તપસ્વી (૩)
૩. ... નું મસ ના થવું, અડગ (૨)
૪. ... લેવા જવું ને દોણી સંતાડવી (૨)
૫. સવળું, ઊંધુ નહિ તેવું (૨)
૭. એક કઠોળ (૨)
૯. ઓડકાર (૩)
૧૦. પરમીશન, મંજુરી (૪)
૧૨. વહેમ, શક (૨)
૧૩. અટકચાળુ (૫)
૧૫. જાનવરો અને માણસોના ખેલ બતાવતો સમુહ (૪)
૧૬. પ્યાસ, તરસ્યું થવું (૩)
૧૯. 'ટળ' જેવું તુચ્છકારનો ભાવ દર્શાવતો શબ્દ (૨)

### શબ્દાવલી ૫૧૬૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) મહાનતા (૫) જીજ્ઞાસા (૭) સરભરા (૮) વાન (૯) જીયાણુ (૧૨) તરત (૧૫) વાના (૧૬) જાર (૧૭) રાહત (૧૯) કીનખાબ (૨૧) નકાબ (૨૪) કમ (૨૫) પરવરીશ

**ઊભી ચાવી :-** (૧) મસલત (૨) હાર (૩) નભ (૪) તારાજી (૫) જીવાણુ (૬) જ્ઞાન (૧૦) યારી (૧૧) સનાતન (૧૩) રજા (૧૪) તરકીબ (૧૫) વાહ (૧૭) રાબ (૧૮) કનક (૨૦) ખાતર (૨૨) કામ (૨૩) ખારી

## પર્યુષણ પર્વ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાળકથી માંડીને વયોવૃદ્ધ સહુનો એક સરખો લહાવો મળતો હોય છે. આ દિવસ ચૈત્રસુદ-૧૩નો નથી જ. આ દિવસે પ્રભુ મહાવીરનો જન્મ નથી જ પણ પ્રભુ મહાવીર સ્વામીનું ચારિત્ર જે કલ્પસુત્રમાં લખ્યું છે તેમાં પ્રભુ મહાવીરના જન્મનું વાંચન છે. એટલે આ દિવસે જન્મવાંચન થાય છે. પણ સેંકડો વર્ષની પુષ્ટ પરંપરામાં અનેરી તાકાત હોય છે. તેથી આ જન્મ વાંચનનો મહોત્સવ પ્રભુ મહાવીરના જન્મદિન કરતાં પણ મહાન ઉત્સવથી ઉજવાય છે. 'કલ્પસુત્ર'નું પોતાનું વાંચન જ પ્રભાવિક અને ચમત્કારિક હોય છે. પણ જન્મવાંચનનો પાઠ તો અતિપ્રભાવિક હોય છે. અમે કલ્પી ન શકાય એવી કેટલીક ઘટનાઓ જન્મવાંચનના વખતે અનુભવી છે. ઘણાંએ અનુભવી જ હશે. પણ આ દિવસનું વાતાવરણ ઉત્સાહમય ઉમંગ-દાનની ગંગાના પ્રવાહમય હોય છે. કોઈપણ જૈનનો નાનો બાળક પણ આ દિવસે ધર્મસ્થાનમાં હાજર ન હોય તેવું બનતું નથી.

મોક્ષેલક્ષી આ જિનશાસને પરમાર્થથી સમજેલા અનેક વિદ્વાનો આવા મંગલમય દિવસને હજુ પણ વધુ સુંદર પરિણામજનક બને તેવી વિચારના અને આયોજનો કરવા ધારે છે. સમાજથી દોરાય જવું તે નેતાઓનું કામ નથી. સમાજને સુયોગ્ય માર્ગે દોરવા તે નેતાઓનું કાર્ય છે. શાસનના હિતચિંતકોએ દ્રવ્ય-ક્ષેત્ર કાલ અને ભાવોને જરૂરી લક્ષ્યમાં લેવા જોઈએ. મનોરંજને મનોમંથનમાં...આનંદને આયોજનમાં ઉત્સાહનો વિવેકમાં જોડવાની જરૂર છે.

પ્રભુના જન્મવાંચન સમયે જાણે જન્મ મહોત્સાહ હોય તેવો ઠાઠ હોય છે. ત્યારે અંતરચેતના સહુની પોકાર કરે જ કે સિદ્ધાર્થના પુત્ર જો મહાવીર બની શકે તો આપણે પણ પ્રાણીમાત્રનું હિત થાય તેવું જીવન કેમ ન બનાવી શકીએ ? પ્રભુને તો જાતને ગાળીને-ઓગાળીને જગતને પ્રકાશમય બનાવ્યું તો પ્રભુનો જન્મ ઉત્સવ આપણે કેમ જગતમાં પ્રભુનો પ્રકાશ ન પાથરી શકીએ ? ૧૪ સ્વપ્નો એક પછી એક ઉતરે અને જન્મવાંચન થતાં એક ભવ્ય આનંદ ઉદઘોષ થાય ત્યારબાદ સહુ પ્રભુજીના પારણાને ઝુલાવા માંડે આ ઉત્સાહ અને ઉમંગ પર્વાધીરાજની અનેરી શોભા છે. બસ, આપણે સહુ આ જન્મવાંચનના દિવસે અંતરમાં અનંત શક્તિ લઈને બેઠેલા 'મહાવીર'ને પ્રગટ કરવા કટિબદ્ધ બનીએ.

પ.પૂ. પન્યાસશ્રી પ્રશાંતકિર્તિસાગર મહારાજ સાહેબ તેમજ ભવ્ય કિર્તિસાગર મહારાજ સાહેબની અમૃતવાણી

## વહીવટીતંત્રને આદેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી સૂચનાઓ આપવામાં આવી છે. સરકારના વહીવટી તંત્રની સાથે -દેશ ભાજપના આગેવાનો અને કાર્યકરોને પણ બંધના એલાન સંદર્ભે સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે.

ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.કે.નંદાએ જણાવ્યું હતું કે ૬???? સપ્ટેમ્બરના રોજ કોંગ્રેસે આપેલા ગુજરાત બંધના એલાન દરમ્યાન કોઈ જગ્યાએ અનિચ્છનિય બનાવ ન બને તે હેતુથી રાજયના શહેરો અને જિલ્લા મથકો ઉપર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

સચિવાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે કોઈ રાજકીય કાર્યકર બળજબરી પૂર્વક બંધ કરાવવા માગતો હોય તો વેપારીઆલમને રક્ષણ આપવામાં આવશે. શહેરના સિનેમાહોલ, પેટ્રોલપંપ, શૈક્ષણિક સંસ્થાઓ, ખાનગી કચેરીઓ, જાહેર સ્થળો, બેન્કો, માર્ગ પરિવહન અને વેપારી સંકુલો ઉપર પોલીસની ચાંપતી નજર રાખવામાં આવશે.

## શુધ્ધિકરણ પ્લાન્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણી આવતા હાલ ફીલ્ટર બેડમાં પાણી વધુ સમય રાખવામાં આવે છે. જેના પરીણામે સપ્લાયમાં ફોર્સ ઓછો થઈ જાય છે. ડહોળા પાણી ઉપરાંત સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટતા ગત મંગળવારે તંત્રના ઉચ્ચ અધિકારીઓની બેઠક પણ મળી હતી. જેના અંતે પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ અપગ્રેડ કરવા પણ આયોજન કરવાનો નિર્ણય લેવાયો હતો. હાલ તંત્ર દ્વારા સપ્લાય થતો પાણી પુરવઠો ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી. પુરો પાડે છે જયારે સેકટરોમાં પાણીની પોકાર નાથવા તંત્રને પર્યાપ્ત પાણી પુરવઠો ઉપલબ્ધ થાય છે પરંતુ ડહોળા પાણીની સમસ્યા હજુ ૧૫ દિવસ સુધી યથાવત રહે તેવી સંભાવના છે.

**Public Notice**

We,
M/s Bonanza Portfolio Ltd.
SEBI REG No.INB230637836 (Member NSE) and SEBI REGN. INB011110237 (Member BSE) Having corporate office at "Bonanza House" Plot No. M – 2 Cama Industrial Estate, Walbhat Road, Behind "The Hub", Goregaon (E), Mumbai 63. do hereby inform that the following of our Sub-brokers are desirous to cancel their registration on BSE/NSE with immediate effect
BHIKHABHAI G PATEL
Shop No 5, Kanchan Ganga Complex, Opp Milan Society, High Tension Road, Subhanpura, Vadodara, Gujarat - 390023.
SEBI REGN NOS.
NSE – INS238625912/23-06378
Hence they are no longer associated with us. Any person henceforth dealing with above mention sub broker or with his firm shall do so at his or her own risk and we shall not be held liable for any transaction undertaken.
For Bonanza Portfolio Ltd.
Date: 06/09/2013 S/d
Place: Mumbai Director

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500™
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

